| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૧/૨૩–૨૪**

**અરજદાર :** શ્રી કિરીટ પ્રમોદચંદ્ર પચ્ચીગર

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી કિરીટ પ્રમોદચંદ્ર પચ્ચીગરની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૫/૦૫/૨૦૨૩ ની અરજી તા.૨૫/૦૫/૨૦૨૩ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી એફોર્ડેબલ હાઉસીગ સેલને મળેલ. સદર અરજી આઈ.ડી.નં.–૪ (એફોર્ડેબલ હાઉસીગ સેલ) તા.૨૫–૦૫–૨૦૨૩ થી નોંધાયેલ મુદ્દા નં.૧ થી ૩ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા. ૦૩/૦૭/૨૦૨૩ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/01/23-24.**

અરજદારશ્રી કિરીટ પ્રમોદચંદ્ર પચ્ચીગર એ તેઓની મુળ અરજી તા.૨૫/૦૫/૨૦૨૩ના રોજ કરેલ આઈ.ડી.નં.૦૪ (એફોર્ડેબલ હાઉસીગ સેલ) થી મુદ્દા નં.૧ થી ૩ માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા લાગત માહિતી માટે પત્ર નં એફો.હા.સેલ/૫૦૩ તા.૧૪/૦૬/૨૦૨૩ થી નીચે મુજબ નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત શ્રી અશ્વિના દેવેન્દ્ર કહાર અને શ્રી દેવેન્દ્ર નટવરલાલ કહારને ફાળવેલ આવાસ ફલેટ નં H/૧૦૪, LIG-5, "સુમન આનંદ" આઈ.ડી.નં. ૭૨૭૯૯ ટી.પી.સ્કીમ નં.૩ (રૂંઢ), ફા.પ્લોટ નં.૬૬, રૂંઢ, સુરત સંદર્ભે અરજદારે ફલેટ ખરીદવા માટે કરેલ અરજી ની નકલ. |
| મુદ્દા નં.૨ | અરજદારોએ આ યોજના અંતર્ગત કરેલ એગ્રીમેન્ટની નકલ, |
| મુદ્દા નં.૩ | અરજદારની એફીડેવીટની નકલ, કબુલાતનામાની નકલ, ડેકલેરેશન ની નકલ, તથા મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ફલેટ મેળવવા રજુ કરેલા બધા પુરાવાની નકલ. |
| પુર્તતા ૧ થી ૩ | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત મુદા નં ૧ થી ૩ની માહિતી સંદર્ભે મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત શ્રી અશ્વિના દેવેન્દ્ર કહાર અને શ્રી દેવેન્દ્ર નટવરલાલ કહાર ધ્વારા અરજી ફોર્મ સાથે સ્ત્રી અરજદારનો આધારકાર્ડ, વોટર આઈ.ડી.કાર્ડ, પાનકાર્ડ, પુરુષ અરજદારનો આધારકાર્ડ, વોટર આઈ.ડી.કાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીગ લાઈસન્સ તથા બાહેંધરી, કેન્સલચેક, રેશનકાર્ડ, સ્કુલ લીવીગ સર્ટીફીકેટ, આવકનુ પ્રમાણપત્ર,જન્મનું પ્રમાણપત્ર, બેંક પાસબુકની ઝેરોક્ષ, બેંક સ્ટેટમેન્ટ, જાતિ પ્રમાણપત્ર, લાઈટબીલ, વેરાબીલ, ભાડાકરાર જેવા આધાર પુરાવાઓ ફોર્મ સાથે રજુ કરેલ. તેમજ ફલેટ મેળવવા કરેલ એફીડેવીટ તથા અન્ય ડોકયુમેન્ટ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબધોને આધારે અત્રેની કચેરીને આવાસના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ પુરી પાડવા જોગ જણાતી નથી. |

ઉપરોકત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહીતી સંદર્ભે માહિતી પૂરી પાડેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારીએ ગંભીર ગેરકાયદેસરતા કરેલ છે. માંગ્યા મુજબની માહિતી પૂરી પાડવા હુકમ કરશોજી. તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧

એફોર્ડેબલ હાઉસીગ સેલ
યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,
વરીયાવી બજાર પોલીસ ચોકીની
સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩.

| અપીલ તબકકે અરજદારની રજુઆત | અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|
| અપીલના ગ્રાઉન્ડઃ–<br>(૧) અમો અરજદાર તરફે માંગવામાં આવેલ માહિતી હમો અરજદારને જરૂરિયાત હોવા છતા અને તેવી માહિતી જાહેર માહિતી અધિકાર અધિનિયમ આપવા તેઓ બંધાયેલ હોવા છતા તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ નથી.<br>(૨) અમો અરજદારની માહિતી ન આપીને તેમજ હમો તરફે કરેલ અરજીમાં માંગેલ માહિતી અંગત પ્રકારના હોવાથી આપી શકાય તેમ ન હોવાનુ તારણ લઈને તેમજ વિશ્વસનીય સંબંધોને આધારે માંગેલ માહિતી આપેલ હોવાનુ તારણ લઈ જાહેર માહિતી અધિકારી એ ગંભીર ગેરકાયદેસરતા કરેલ છે.<br>(૩) અમો અરજદાર તરફે માંગવામાં આવેલ માહિતી આર.ટી.આઈ.એકટની કલમ ૮(૧)(ઠ) ના વ્યાપમાં કેવી રીતે આવે છે. અને તેવી માહિતી ઉપલબ્ધ હોવા છતા કઈ રીતે આપવા પાત્ર નથી તે અંગેની કોઈ યોગ્ય વિગતો દર્શાવ્યા વિના જાહેર માહિતી અધિકારીએ નિર્ણય કરવામાં ગંભીર ગેરકાયદેસરતા કરેલ છે.તેમ જણાવી<br>જાહેર માહિતી અધિકારી તરફે હમો અરજદારની તા.૨૫/૦૫/૨૦૨૩ ના રોજ ની અરજી અંગે કરેલ તા.૧૪/૦૬/૨૦૨૩ ના રોજના પત્રથી કરેલ નિર્ણય કરેલ છે તે ખોટો ઠરાવી હમો અરજદાર તરફે તા.૨૫/૦૫/૨૦૨૩ ના રોજની અરજીમાં માંગ્યા મુજબની માહિતી આપવા હુકમ કરશોજી. | અરજદારે તેઓની મુળ અરજી તા.૨૫/૦૫/૨૦૨૩ના રોજ કરેલ આઈ.ડી.નં.૦૪ (એફોર્ડેબલ હાઉસીગ સેલ) થી મુદ્દા નં.૧ થી ૩ માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા લાગત માહિતી માટે પત્ર નં એફો.હા.સેલ/૫૦૩ તા.૧૪/૦૬/૨૦૨૩ થી નીચે મુજબ નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ.<br>મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતી સંદર્ભે મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત શ્રી અશ્વિના દેવેન્દ્ર કહાર અને શ્રી દેવેન્દ્ર નટવરલાલ કહાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે અરજી ફોર્મ તથા તેની સાથે રજુ કરેલ આધાર પુરાવાઓ તેમજ ફલેટ મેળવવા કરેલ એફીડેવીટ તથા અન્ય ડોકયુમેન્ટ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબધોને આધારે અત્રેની કચેરીને આવાસના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ પુરી પાડવા જોગ જણાતી નથી. તેમ જણાવવામાં આવેલ.<br>વધુમાં અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી સાથે રજુ કરવામાં આવેલ નમુના–'ગ' ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ જેમાં ધી સુરત પીપલ્સ કો–ઓ બેન્ક લિ. નો તા.૧૬ જુન ૨૦૨૩ નં.૧૦૨/૨૫૮ નો સ્ટેમ્પ સાથે રજુ કરેલ છે. જે ધ્યાને લઈ અરજદારશ્રી એ ઉપરોકત સંસ્થા વતી અરજી કરેલ હોય તેવુ ફલીત થાય છે. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ અરજીના મુદ્દા નં.૧ થી ૩ માહિતીના મુદ્દાની વિગત જોતા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર દ્વારા લાગત માહિતી માટે પત્ર નં એફો.હા.સેલ/૫૦૩ તા.૧૪/૦૬/૨૦૨૩ થી નીચે મુજબ નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ જે આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ) થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી જાણકારી બાબતે તેમજ વિશ્વશનીય સંબંધોને આધારે આવાસ મેળવવાના હેતુસર ઉપલબ્ધ કરાવેલ હોય તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ) મુજબ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય આમ, અપીલ તબકકેની રજુઆતમાં જણાવેલ માંગવામાં આવેલ કોઈ પણ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૭૬૧
તા.૩૧/૦૭/૨૦૨૩

**( એમ.પી. ભીટોરા )**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ.... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી કિરીટ પ્રમોદચંદ્ર પચ્ચીગર.......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૨/૨૩–૨૪**

**અરજદાર :** શ્રી તલ્હા ચાંદીવાલા
**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલા ની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૦/૦૯/૨૦૨૩ ની અરજી તા.૦૫/૧૦/૨૦૨૩ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી એફોર્ડેબલ હાઉસીગ સેલને મળેલ. સદર અરજી આઈ.ડી.નં.–૧૫૭૬ (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) તા.૨૦–૦૯–૨૦૨૩ થી નોંધાયેલ મુદ્દા નં.૧ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા. ૦૬/૧૨/૨૦૨૩ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/02/23-24.**

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા એ તેઓની મુળ અરજી તા.૨૦/૦૯/૨૦૨૩ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૫૭૬ (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) થી મુદ્દા નં.૧ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા એફો.હા.સેલ.આ.નં.૧૧૨૨ તા.૧૨/૧૦/૨૦૨૩ ના રોજ માંગેલ માહિતીનુ દફતરી નિરીક્ષણ તેમજ માહિતી પેનડ્રાઈવ માં મેળવવા ઈચ્છુક હોવ તો માહિતી મેળવવા રૂા.૫૦/– નકલ ફી ભરપાઈ કરી મેળવી શકશો. તેમ જણાવવામાં આવેલ. જે અન્વયે તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજ નકલ ફી રૂા.૫૦/– ભરપાઈ કરી તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ અત્રેના ખાતામાં રૂબરૂ જાણ કરેલ. જે અન્વયે અત્રેના ખાતાને લાગત માહિતી માટે પત્ર નં એફો.હા.સેલ/૧૧૪૨ તા.૧૬/૧૦/૨૦૨૩ થી નીચે મુજબ નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી દ્વારા ધી બી.પી.એમ.સી. એકટની લાગુ કલમ/પેટાકલમ થી કમિશ્નરને આપેલ તમામ સત્તા(પાવર્સ) પૈકીની સત્તા(પાવર્સ) તેમના તાબા હત્રત્રેઠળના અધિકારીઓને/કર્મચારીઓને સુ.મ.પા.ના વહીવટ હેતુસર આજ–દિન સુધીના તમામ સુપ્રત કરેલ/સોંપેલ/આપવામાં આવેલ DP POWER'S ની માહિતીની પ્રમાણિત નકલ આપવી. |
| પુર્તતા | આપના ધ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી દ્વારા પર્સોનેલ ઓફિસર, સેકશન ઓફિસર, ડેપ્યુટી. એકાઉન્ટન્ટ, આસી.એકાઉન્ટન્ટ તથા આસી.લો.ઓફિસરને આપવામાં આવેલ DELEGATE POWERS આપના ધ્વારા રજુ કરવામાં આવેલ પેનડ્રાઈવમાં આ સાથે સામેલ છે. |

ઉપરોક્ત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહીતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી માહિતીશ્રી એફોર્ડેબલ હાઉસીગ સેલ, સુરત મહાનગરપાલિકાના તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજના પત્રથી કરેલ નિર્ણયથી નારાજ થઈને મુદા નં. ૦૧ ની માહિતી પૂરી ન પાડી, અતિ મહત્વની માહિતી છુપાવી ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવુ જણાય છે. અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી નિયમ સમય મર્યાદામા કે બાદમાં જાહેર માહિતી અધિકારી દ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ના આવતા નિયમો અનુસાર માહિતી ની નકલો મેળવવા પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અપીલ તબકકે અરજદારની રજુઆત | અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|
| મુદા નં.૦૧ થી માંગેલ માહિતી ખૂબજ મહત્વની હોવા છતા જાહેર માહિતી અધિકારીએ અમોએ પૂર્વ યોજના મુજબ આજદિન સુધી કોઈપણ માહિતી આપેલ નથી તેમજ માહિતીના જવાબો ન આપી ગેરમાર્ગે દોરવામાં આવી રહયો છે અને જાહેર માહિતી અધિકારીએ માહિતી અધિકારનો અનાદર કરેલ છે અને કાયદાનુ પાલન કરવામાં કોઈપણ દેખીતા કારણ વગર નિષ્ફળ ગયા છે માંગવામા આવેલી માહિતી હજુ સુધી મળી નથી સાચી માહિતી નહી આપી તે માહિતી છુપાવવાનો પ્રયાસ કરાયો હોય એવુ સાબિત થાય છે સાથે જ માહિતી નહી આપવાની બાબત વિભાગમાં થયેલ ભ્રષ્ટાચારને ઉજાગર કરવામાં આવે તો સુરત મહાનગરપાલિકાની તિજોરીને થયેલ નુકશાની પણ ખુલ્લી પડે તેમ છે.<br>સદર માહિતી આપવા જાહેર માહિતી અધિકારીને માહિતી અધિકાર અધિનિયમઃ ૨૦૦૫ની કલમ : ૭ (૬) હેઠળ દિન : ૭ માં વિનામૂલ્યે આપવા અને ભવિષ્યમાં માહિતી અધિકાર અધિનિયમ : ૨૦૦૫ અન્વયે આવતી માહિતીની અરજી અંગે કાયદાનુ યોગ્ય અને સમયસર પાલન કરવા જાહેર માહિતી અધિકારીને હુકમ કરશો તથા માહિતી કયા કારણોસર આપી નથી તેનું ખુલાસો અમો અરજદારને આપવા હુકમ કરશો. | અરજદારે તેઓની મુળ અરજી તા.૨૦/૦૯/૨૦૨૩ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૫૭૬ (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) થી મુદ્દા નં.૧ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા એફો.હા.સેલ.આ.નં.૧૧૨૨ તા.૧૨/૧૦/૨૦૨૩ ના રોજ માંગેલ માહિતીનુ દફતરી નિરીક્ષણ તેમજ માહિતી પેનડ્રાઈવ માં મેળવવા ઈચ્છુક હોવ તો માહિતી મેળવવા રૂા.૫૦/– નકલ ફી ભરપાઈ કરી મેળવી શકશો. તેમ જણાવવામાં આવેલ. જે અન્વયે તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજ નકલ ફી રૂા.૫૦/– ભરપાઈ કરી તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ અત્રેના ખાતામાં રૂબરૂ જાણ કરેલ. જે અન્વયે આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૈતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય જે મુજબ અત્રેના ખાતાને લાગત માહિતી માટે પત્ર નં એફો.હા.સેલ/૧૧૪૨ તા.૧૬/૧૦/૨૦૨૩ થી નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા મજકુર અરજદાર ઘ્વારા માંગવામાં આવેલ અરજીના મુદ્દા નં.૧ ની વિગત જોતા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર દ્વારા માંગેલ માહિતીનું દફતરી નિરીક્ષણ બાદ રૂા.૫૦/– નકલ ફી ભરપાઈ કર્યેથી આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૈતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય જે મુજબ અત્રેના ખાતાને લાગત માહિતી માટે પત્ર નં એફો.હા.સેલ/૧૧૪૨ તા.૧૬/૧૦/૨૦૨૩ થી નમુના–ગ થી માહિતી/પુર્તતા પેનડ્રાઈવમાં  પુરી પાડવામાં આવેલ છે. જે ઘ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીગ સેલ) ઘ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવામાં  આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૫૧૭
તા.૦૧/૦૧/૨૦૨૪

**( એમ.પી. ભીટોરા )**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ.... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી તલ્હા ચાંદીવાલા .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૩/૨૩–૨૪**

**અરજદાર :** શ્રી શેખ રેહાન ગુલામ હૈદર
**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી શેખ રેહાન ગુલામ હૈદરની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૧/૧૨/૨૦૨૩ ની અરજી આઈ.ડી.નં.–૨૩૫૬ (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) મુદ્દા નં.૧ થી ૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા. ૨૯/૦૧/૨૦૨૪ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/03/23-24.**

અરજદારશ્રી શેખ રેહાન ગુલામ હૈદરએ તેઓની મુળ અરજી તા.૨૧/૧૨/૨૦૨૩ના રોજ કરેલ આઈ.ડી.નં.૨૩૫૬( નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) થી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર દ્વારા પત્ર નં એફો.હા.સેલ/૧૬૭૬ તા.૧૨/૦૧/૨૦૨૪ થી નમુનો–ખ મુજબ નકલ ફી રૂા. ૧૯૬/– ભરપાઈ કરવા પત્ર પાઠવવામાં આવેલ. અરજદાર ધ્વારા નકલ ફી ભરપાઈ કર્યા ની જાણ અત્રેના વિભાગને નં એફો.હા.સેલ/ઈન. ૩૫૦૭ તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ થયેલ છે. જે અન્વયે અત્રેના ખાતાને લાગત માહિતી માટે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરના પત્ર નં એફો.હા.સેલ/૧૬૯૩ તા.૧૬/૦૧/૨૦૨૪ થી નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોક્ત પત્ર નં એફો.હા.સેલ/૧૬૯૩ તા.૧૬/૦૧/૨૦૨૪ થી નમુના–ગ મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહીતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી માહિતીશ્રી એફોર્ડેબલ હાઉસીંગ સેલ, સુરત મહાનગરપાલિકાના તા.૧૬/૦૧/૨૦૨૪ ના રોજના પત્રથી કરેલ નિર્ણયથી નારાજ થઈને નમુનો–ક (નિયમ–૫(૧)(ક) રજુ કર્યાના ૩૦ દિવસમાં નમુનો 'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યો નથી તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

**પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.**

| અપીલ તબકકે અરજદારની રજુઆત | અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|
| નમુનો–ક (નિયમ–૫(૧)(ક) રજુ કર્યાના ૩૦ દિવસમાં નમુનો 'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યો નથી | અરજદારે તેઓની મુળ અરજી તા.૨૧/૧૨/૨૦૨૩ના રોજ કરેલ આઈ.ડી.નં.૨૩૫૬ ( નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) થી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં એફો.હા.સેલ/૧૬૭૬ તા.૧૨/૦૧/૨૦૨૪ થી નમુનો–ખ મુજબ નકલ ફી રૂા. ૧૯૬/– ભરપાઈ કરવા પત્ર પાઠવવામાં આવેલ. અરજદાર ધ્વારા નકલ ફી ભરપાઈ કર્યા ની જાણ અત્રેના વિભાગને નં એફો.હા.સેલ/ઈન. ૩૫૦૭ તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ થયેલ છે. જે અન્વયે અત્રેના ખાતાને લાગત માહિતી માટે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરના પત્ર નં એફો.હા.સેલ/૧૬૯૩ તા.૧૬/૦૧/૨૦૨૪ થી નમુના–ગ થી માહિતી/પુર્તતા નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.જે ધ્યાને લઈ અરજદારની અપીલ તબકકેની રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર આપના ધ્વારા માંગવામાં આવેલ અરજીના મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર દ્વારા પત્ર નં એફો.હા.સેલ/૧૬૭૬ તા.૧૨/૦૧/૨૦૨૪ થી નમુનો–ખ મુજબ નકલ ફી રૂા. ૧૯૬/– ભરપાઈ કરવા પત્ર પાઠવવામાં આવેલ. આપના ધ્વારા નકલ ફી ભરપાઈ કર્યા ની જાણ અત્રેના વિભાગને નં એફો.હા.સેલ/ઈન. ૩૫૦૭ તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ થયેલ છે. જે અન્વયે અત્રેના ખાતાને લાગત માહિતી માટે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરના પત્ર નં એફો.હા.સેલ/૧૬૯૩ તા.૧૬/૦૧/૨૦૨૪ થી નમુના–ગ થી માહિતી/પુર્તતા નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૮૬૪
તા. ૧૯/૦૨/૨૦૨૪

**( એમ.પી. ભીટોરા )**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ.... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી શેખ રેહાન ગુલામ હૈદર.......પ્રતિ.... જાણ માટે.